# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-10-2026** **Evening: 7.50 TO 8.00**
**Day: Friday** **National News**

## આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે વિભાજનકારી શક્તિઓ સામે સમાજને એક કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છત્તીસગઢ નક્સલવાદથી મુક્ત થયું છે અને હવે પ્રગતિના માર્ગ પર છે.

3) વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા પરના બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા હાલના રાજદ્વારી અને લશ્કરી પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.

4) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે બાકુમાં અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઇલ્હામ અલીયેવન સાથે વિવિધ વ્યૂહાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરી.

5) ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારતે કટોકટી દરમિયાન વિશ્વના વિવિધ ભાગોમાં ફસાયેલા તેના નાગરિકોની સલામતી માટે સતત ખાતરી કરી છે.

6) જાપાનના આઈચી-નાગોયામાં યોજાયેલ એશિયન પેરા ગેમ્સમાં ભારતે 28 સુવર્ણ, 34 રજત અને 46 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 108 ચંદ્રક જીત્યા.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI – BHARAT MANDAPAM-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે વિભાજનકારી શક્તિઓ સામે સમાજને એક કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચિન્મય અમૃત મહોત્સવ વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતા પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે તમામ સંસ્થાઓએ રાષ્ટ્રીય વિકાસ અને રાષ્ટ્રનું ગૌરવ વધારવાના સામાન્ય લક્ષ્યો તરફ કામ કરવું જોઈએ.

**(BYTE : PM MODI ON 2047)**

*आज हमें बांटने वाली ताकतों के खिलाफ समाज को एकजुट करना है। हमें आत्मनिर्भरता के लिए देशवासियों को जागरूक करना है। 2047 में विकसित भारत के संकल्प से जन-जन को जोड़ना है। इन उद्देश्यों के लिए हमें और सक्रिय होना है।*

પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે દેશની શિક્ષણ પ્રણાલીને નવા ભારતની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શરૂ કરી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે યુવાનો હંમેશા તેમની સરકારની નીતિઓ અને પહેલના કેન્દ્રમાં રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા 25 વર્ષથી, તેઓ તેમની શ્રેષ્ઠ ક્ષમતાઓ સાથે દેશની સેવા કરી રહ્યા છે.

**(BYTE : PM ON YUVA SHAKTI)**

*मेरे मन में गुरुदेव की कही बहुत सी बातें आ रही हैं। उनसे आखिरी मुलाकात में जो गंभीर विमर्श हुआ था, वो मुझे आज भी याद है। उसका मुख्य भाव था युवा शक्ति का निर्माण और युवा शक्ति के जरिए सशक्त और समर्थ भारत का निर्माण। पिछले 25 वर्षों से मैं सरकार के मुखिया के रूप में अनवरत मुझसे जो हो सकता है देश की सेवा कर रहा हूं। इस यात्रा में मेरे प्रयासों और नीतियों के केंद्र में देश के युवा ही हैं।*

# PM MODI – BHARAT MANDAPAM-2

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા 12 વર્ષમાં ભારતમાંથી ચોરાયેલી 650 થી વધુ પ્રાચીન શિલ્પો અને વસ્તુઓ વિદેશોમાંથી પરત લાવવામાં આવી છે. તેમણે કહ્યું કે દેશનો સાંસ્કૃતિક વારસો પુનઃસ્થાપિત થઈ રહ્યો છે અને સાંસ્કૃતિક સ્થળોને વૈશ્વિક સ્તરે માન્યતા મળી રહી છે.

શ્રી મોદીએ નોંધ્યું હતું કે ભારતના સાંસ્કૃતિક સ્થળો ઝડપથી યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં ઉમેરવામાં આવી રહ્યા છે. ભારત અને વિદેશમાંથી નવ હજાર સહભાગીઓ આ ત્રણ દિવસીય પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

# PRESIDENT-NAXALISM

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંયુક્ત પ્રયાસોને કારણે છત્તીસગઢ નક્સલવાદથી મુક્ત થયું છે અને હવે પ્રગતિના માર્ગ પર છે. જગદલપુરના લાલબાગ મેદાનમાં આયોજિત "બસ્તર દશેરા મહોત્સવ 2026" કાર્યક્રમને સંબોધતા, તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આદિવાસી સમુદાયના યુવાનો દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં સક્રિયપણે યોગદાન આપશે.

(બાઇટ : રાષ્ટ્રપતિ , દ્રૌપદી મૂર્મુ)

***मेरे मन में गुरुदेव की कही बहुत सी बातें आ रही हैं। उनसे आखिरी मुलाकात में जो गंभीर विमर्श हुआ था, वो मुझे आज भी याद है। उसका मुख्य भाव था युवा शक्ति का निर्माण और युवा शक्ति के जरिए सशक्त और समर्थ भारत का निर्माण। पिछले 25 वर्षों से मैं सरकार के मुखिया के रूप में अनवरत मुझसे जो हो सकता है देश की सेवा कर रहा हूं। इस यात्रा में मेरे प्रयासों और नीतियों के केंद्र में देश के युवा ही हैं।***

રાષ્ટ્રપતિએ આદિવાસી ઉદ્યોગસાહસિકોને નાણાકીય સહાય પૂરી પાડવા અને તેમને બજારો સાથે જોડવાના પ્રયાસોની પ્રશંસા કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ લોકોને તેમના પ્રદેશના જંગલો અને ટેકરીઓનું રક્ષણ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે આ કુદરતી સંસાધનો ખોરાક, પાણી અને જીવન માટે અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડે છે. પ્રકૃતિનું રક્ષણ કરવું એ દરેક સમુદાયની પ્રાથમિક જવાબદારી હોવી જોઈએ.

રાષ્ટ્રપતિએ કહ્યું કે બસ્તર દશેરા મહોત્સવ સમગ્ર પ્રદેશના આદિવાસી સમુદાયોને એકસાથે લાવે છે. તેમણે પરંપરાગત મુરિયા દરબારને લોકશાહી મૂલ્યોનું પ્રતિબિંબ ગણાવ્યું, જ્યાં લોકો તેમના નેતાઓ સમક્ષ તેમની ચિંતાઓ અને ફરિયાદો રજૂ કરે છે.

# KOLKATA-MAOIST SURRENDER

ઝારખંડમાં એક માઓવાદી દંપતી મંગલ અને માલતીએ કોલકાતા પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. સારંડા જંગલ વિસ્તારમાં ઘણા વર્ષો સુધી સક્રિય રહ્યા બાદ, આજે સવારે, દંપતીએ કોલકાતા પોલીસ કમિશનર અજય નંદા સમક્ષ આત્મસમર્પણ કર્યું અને એક AK-47 રાઇફલ અને એક INSAS રાઇફલ સોંપી.

મંગલ અને માલતી બંને પશ્ચિમ બંગાળના રહેવાસી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝારખંડમાં મંગલ સામે છ થી સાત કેસ પેન્ડિંગ છે. તે રાજ્યની પોલીસે તેને પકડવા માટે પાંચ લાખ અને માલતી માટે બે લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું.

તેમણે કહ્યું કે તેઓ હિંસા છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવા માંગે છે.

# MEA

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા પરના બાકી રહેલા મુદ્દાઓને ઉકેલવા અને ગેરસમજ અને ખોટી ગણતરીઓ ટાળવા માટે હાલના રાજદ્વારી અને લશ્કરી પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે.

નવી દિલ્હીમાં ભારત-તિબેટીયન સરહદ પોલીસના મહાનિર્દેશકની તાજેતરની ટિપ્પણીઓના જવાબમાં, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત-ચીન સરહદી વિસ્તારોમાં પરિસ્થિતિ ક્યારેક ક્યારેક વણસી જાય છે જ્યારે ચીની દળો સ્થાપિત પેટ્રોલિંગ પેટર્નથી ભટકી જાય છે. તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષો સરહદ વ્યવસ્થાપનને સુધારવા માટે યોગ્ય વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની સમજણ વધારવાના માર્ગો પર ચર્ચા કરવા પણ સંમત થયા છે. જયસ્વાલે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય સંબંધોના એકંદર વિકાસ માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવી જરૂરી છે.

# HOME MINISTRY CIVIL DEFENCE TRAINING

ગૃહ મંત્રાલયે નાગરિક સંરક્ષણ તૈયારીઓને મજબૂત બનાવવા માટે ભારતીય સેના સાથે મળીને વિશેષ તાલીમ પહેલની જાહેરાત કરી છે. આ પહેલ હેઠળ, ભારતીય સેના દ્વારા કુશળ નાગરિક સંરક્ષણ પ્રશિક્ષકોને તાલીમ આપવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય દેશમાં મજબૂત નાગરિક સંરક્ષણ નેટવર્ક બનાવવાનો છે.

પ્રથમ તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રણ દિવસીય તાલીમ યોજાશે. જેમાં જમ્મુ અને કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, દિલ્હી, મેઘાલય, સિક્કિમ, આસામ, ઉત્તર પ્રદેશ, કેરળ, કર્ણાટક અને તમિલનાડુનો સમાવેશ થશે. નવેમ્બરના બીજા અઠવાડિયા સુધીમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી કુલ 600 કુશળ તાલીમાર્થીઓને તાલીમ આપવાનું લક્ષ્ય છે.

આ પહેલ હેઠળ, નાગરિક સંરક્ષણ કર્મચારીઓને વર્તમાન સુરક્ષા જોખમો, કટોકટીઓ અને પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવશે. આ તાલીમમાં ખતરાની ઓળખ, બચાવ અને કટોકટી પ્રતિભાવ, સંદેશાવ્યવહાર અને સંકલન જેવા વિષયો આવરી લેવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR AZERBAIJAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બાકુમાં અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઇલ્હામ અલીયેવને મળ્યા અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસની ચર્ચા કરી. ડૉ. જયશંકરે કહ્યું કે ભારત અને અઝરબૈજાન બંને સ્વતંત્ર વિચારધારા ધરાવતા રાષ્ટ્રો છે. જેઓ આજના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાના નિર્ણયો લે છે. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત અને અઝરબૈજાન સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના આદાન-પ્રદાનનો લાંબો ઇતિહાસ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે બંને રાષ્ટ્રો એકબીજાના મૂલ્યોનો આદર કરે છે.

ડૉ. જયશંકરે અઝરબૈજાનના વિદેશ મંત્રી જેહુન બાયરામોવ સાથે પણ ચર્ચા કરી. બંને મંત્રીઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત કરવા અંગે ચર્ચા કરી. તેમણે વેપાર, રોકાણ અને ઊર્જા સહિત આર્થિક સહયોગ વિશે વાત કરી જે દ્વિપક્ષીય સંબંધોના કેન્દ્રમાં છે.

# GOYAL - EVACUATION

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે ભારતે કટોકટી દરમિયાન વિશ્વના વિવિધ ભાગોમાં ફસાયેલા તેના નાગરિકોની સલામતી અને સુખાકારીની સતત ખાતરી કરી છે. જર્મનીના બર્લિનમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે જ્યારે ઘણા દેશો કટોકટી દરમિયાન મુસાફરી માટે સલાહ જાહેર કરે છે, ત્યારે ભારત જરૂરિયાત સમયે તેના નાગરિકોને ઘરે પાછા લાવવા માટે નક્કર પગલાં લે છે. તેમણે કહ્યું કે ભારતે ભારતીયો સાથે અન્ય દેશોના નાગરિકોને બહાર કાઢવામાં પણ મદદ કરી છે.

યુક્રેન યુદ્ધ દરમિયાન સ્થળાંતર અભિયાન અંગે, શ્રી ગોયલે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્થળાંતર પ્રયાસોનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કર્યું હતું, તેમણે કહ્યું કે સ્થળાંતરને સરળ બનાવવા માટે ચાર વરિષ્ઠ મંત્રીઓને પડોશી દેશોમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ પ્રયાસો તેના નાગરિકોનું રક્ષણ કરવા અને મુશ્કેલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં તેમના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરવા માટે દેશની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# ASIAN GAMES-MEDAL TALLY

જાપાનના આઈચી-નાગોયામાં યોજાયેલ એશિયન પેરા ગેમ્સમાં ભારતે 28 સુવર્ણ, 34 રજત અને 46 કાંસ્ય ચંદ્રક જીતી કુલ મેડલની સંખ્યા 108 પર પહોંચી ગઈ છે.

પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S11 ઇવેન્ટમાં પેરા સ્વિમર હિમાંશુ નંદલે કાંસ્ય ચંદ્રક જીત્યો, રાકેશ ભટ્ટે પુરુષોની 200 મીટર T37 ફાઇનલમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

બેડમિન્ટનમાં, તુલસીમથી મુરુગેસન અને માનસી જોશીએ ચીનના યાંગ કિયુક્સિયા અને ઝિયાઓ ઝુક્સિયાનને હરાવીને મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો.

નવીન શિવકુમારે ઇન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાનને હરાવીને પુરુષોની સિંગલ્સમાં સુવર્ણ અને નિતેશ કુમારે પોતાના દેશબંધુ પ્રમોદ ભગતને હરાવીને પુરુષોની સિંગલ્સમાં સુવર્ણ જીત્યો. પ્રમોદને રજત ચંદ્રક મળ્યો.

શૂટિંગમાં, મોના અગ્રવાલે મહિલાઓની 50-મીટર રાઇફલ થ્રી પોઝિશન્સમાં જીત મેળવી બીજો સુવર્ણ જીત્યો.

પેરા-એથ્લેટિક્સમાં, સંદીપ કુમારે પુરુષોની 400 મીટર દોડમાં 52.28 સેકન્ડના સમય સાથે T44 વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો, જ્યારે અજય કુમારે તે જ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. હેનીએ પુરુષોની જેવલિન થ્રો ઇવેન્ટમાં 60.49 મીટરના વર્લ્ડ રેકોર્ડ પ્રયાસ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

તીરંદાજીમાં, પેરાલિમ્પિક ચેમ્પિયન હરવિંદર સિંહ અને તેના ડેબ્યુ કરી રહેલા સાથી વિજય સુંડીએ પુરુષોની ડબલ્સમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

# WOMEN'S CRICKET

વડોદરામાં રમાઈ રહેલી ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેની ત્રણ એક દિવસીય શ્રેણીની પહેલી મેચમાં  ભારતે ઝિમ્બાબ્વેને 9 વિકેટે હરાવ્યું છે. ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઝિમ્બાબ્વની ટીમ 49.5 ઓવરમાં માત્ર 197 રનમાં આઉટ થઈ ગઈ હતી. ભારતે જીતવા માટે 198 રનનો લક્ષ્યાંક પીછો કરતાં 27.1 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 200 રન બનાવીને વિજય મેળવ્યો હતો. ભારતીય મહિલા ખેલાડી પ્રતિકા રાવલે 96 બોલમાં 100 રન ફટકારીને સિંહ ફાળો આપ્યો હતો.